ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                            તા. ૧૯-૦૪-૨૦૨૬

# મહિલા અનામતના અમલીકરણમાં ભાજપ સરકારનો વિલંબ અને મોંઘવારી-સુરક્ષા મુદ્દે કોંગ્રેસનો આક્રમક પ્રહાર

- રાજીવ ગાંધીની દીર્ઘ દ્રષ્ટિના કારણે અત્યાર સુધી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૧૫ લાખથી વધારે મહિલાઓની સશક્ત રીતે સત્તામાં ભાગીદારી જોવા મળી છે.  : ડૉ. અમી યાજ્ઞિક
- ભાજપે 'સીમાંકન' અને 'વસ્તી ગણતરી' જેવી અટપટી શરતોમાં ગૂંચવીને મહિલા અનામતનો અમલ ટાળ્યો છે. આ માત્ર મહિલાઓના અધિકાર પર તરાપ નથી, પરંતુ તેમની સાથે થયેલો રાજકીય અન્યાય છે : ડૉ. અમી યાજ્ઞિક
- ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામથી લઈને આધુનિક ભારતના નિર્માણ સુધી કોંગ્રેસ પક્ષ હંમેશા મહિલા સશક્તિકરણ માટે પાયાનો પથ્થર બની  રહ્યો છે. : સોનલ પટેલ
- ગુજરાતમાં સાયબર ક્રાઈમ, છેડતી અને મહિલા વિરોધી ગુનાઓનો આલેખ સતત વધી રહ્યો છે, અને પોલીસ તંત્ર માત્ર મૂકપ્રેક્ષક બનીને જોઈ રહ્યું છે : સોનલ પટેલ

અમદાવાદ: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય મથક રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદને સંબોધતા ડૉ. અમીબેન યાજ્ઞિક અને શ્રીમતી સોનલબેન પટેલે જણાવ્યું હતું કે, ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામથી લઈને આધુનિક ભારતના નિર્માણ સુધી કોંગ્રેસ પક્ષ હંમેશા મહિલા સશક્તિકરણ માટે પાયાનો પથ્થર બની રહ્યો છે.

૧૯૨૫માં સરોજીની નાયડુને પ્રમુખ પદ આપીને મહિલા નેતૃત્વનો સ્વીકાર કરનાર કોંગ્રેસે આઝાદીના પ્રારંભિક કાળમાંજ વિશ્વના વિકસિત દેશો કરતા પણ વહેલા મહિલાઓને મતાધિકાર આપીને ઐતિહાસિક ક્રાંતિ કરી હતી. પંડિત જવાહરલાલ નહેરુની દીર્ઘદ્રષ્ટિથી શરૂ થયેલી આ યાત્રામાં શ્રીમતી ઈન્દિરા ગાંધીના રૂપમાં પ્રથમ મહિલા વડાપ્રધાન અને શ્રીમતી પ્રતિભા પાટીલના રૂપમાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિની વરણી આપીને કોંગ્રેસે સાબિત કર્યું છે કે મહિલાઓ માટે સત્તાના દ્વાર ખોલવામાં પક્ષ ક્યારેય પાછળ રહ્યો નથી.

તેમણે સ્વ. શ્રી રાજીવ ગાંધીના યોગદાનને યાદ કરતા ઉમેર્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપીને સત્તાના વિકેન્દ્રીકરણનો જે પાયો રાજીવ ગાંધીએ નાખ્યો હતો, તેના કારણે જ આજે લાખો બહેનો સરપંચથી લઈને જિલ્લા પંચાયત પ્રમુખ સુધીની જવાબદારીઓ નિભાવી રહી છે.  ભારતીય સંસદમાં પુછાયેલા પ્રશ્નના હવાલાથી જાણ કરતા જણાવ્યું હતું કે રાજીવ ગાંધીની દીર્ઘ દ્રષ્ટિના કારણે અત્યાર સુધી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૧૫ લાખથી વધારે મહિલાઓની સશક્ત રીતે સત્તામાં ભાગીદારી જોવા મળી છે. જોકે, આજની ભાજપ સરકાર માત્ર 'બેટી બચાવો' અને 'મહિલા વંદન' જેવા આકર્ષક નારાઓ આપીને વાસ્તવિકતામાં

મહિલાઓની છેતરામણી કરી રહી છે. વર્ષ ૨૦૨૩માં પસાર થયેલ 'નારી શક્તિ વંદન અધિનિયમ'ને કોંગ્રેસે બિનશરતી ટેકો આપ્યો હોવા છતાં, સરકારે તેને 'સીમાંકન' અને 'વસ્તી ગણતરી' જેવી અટપટી શરતોમાં ગૂંચવીને આગામી લોકસભા ચૂંટણીમાં તેનો અમલ ટાળ્યો છે. આ માત્ર મહિલાઓના અધિકાર પર તરાપ નથી, પરંતુ તેમની સાથે થયેલો રાજકીય અન્યાય છે. જો દાનત સાફ હોત, તો આ કાયદો તાત્કાલિક અસરથી અમલી બની શક્યો હોત.

રાજ્યની આર્થિક સ્થિતિ પર પ્રહાર કરતા તેમણે જણાવ્યું હતું કે, મોંઘવારીએ ગુજરાતની ગૃહિણીઓની કમર તોડી નાખી છે. ગેસ સિલિન્ડરના ભાવમાં જે અસમાનતા છે તે સરકારની નિષ્ફળતાનું પ્રમાણ છે; જ્યાં ભાજપ શાસિત રાજ્યોમાં ૫૦૦ રૂપિયામાં ગેસ મળે છે, પરંતુ ગુજરાતની મહિલાઓએ ૧૦૦૦ રૂપિયા ખર્ચવા પડે છે. દૂધ, શાકભાજી અને ખાદ્ય તેલ જેવા રોજિંદા વપરાશની વસ્તુઓના ભાવ વધારાને કારણે મધ્યમ અને ગરીબ વર્ગનું બજેટ વેરવિખેર થઈ ગયું છે. સાથોસાથ, બિહાર જેવા રાજ્યોમાં જેમાં મહિલાના ખાતામાં ૧૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવે છે તે જ તર્જ પર ગુજરાતની મહિલાઓને સીધી આર્થિક સહાય કેમ નથી મળતી? તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો. સુરક્ષાના મુદ્દે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, ગુજરાતમાં સાયબર ક્રાઈમ, છેડતી અને મહિલા વિરોધી ગુનાઓનો આલેખ સતત વધી રહ્યો છે, અને પોલીસ તંત્ર માત્ર મૂકપ્રેક્ષક બનીને જોઈ રહ્યું છે, જેના કારણે બહેન-દીકરીઓમાં ભયનું વાતાવરણ છે.

**કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી મુખ્ય માંગણીઓ:**

- **તાત્કાલિક અમલીકરણ**: મહિલા અનામત કાયદાને સીમાંકન કે વસ્તી ગણતરીની રાહ જોયા વગર હાલની ૫૪૩ બેઠકો પર આગામી લોકસભા ચૂંટણીથી જ લાગુ કરવામાં આવે.
- **સબ-ક્વોટાની જોગવાઈ**: સામાજિક ન્યાયના સિદ્ધાંત મુજબ મહિલા અનામતમાં OBC, SC અને ST વર્ગની બહેનો માટે તેમની વસ્તીના આધારે અલગ 'કોટા વિથિન કોટા'ની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવે.
- **મોંઘવારીમાંથી મુક્તિ:** ગેસ સિલિન્ડરના ભાવમાં ૫૦% ઘટાડો કરીને ગૃહિણીઓને આર્થિક રાહત આપવામાં આવે અને આવશ્યક ચીજવસ્તુઓના ભાવ પર નિયંત્રણ લાવવામાં આવે.
- **સુરક્ષા અને ન્યાય:** મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ માટે સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટની સંખ્યા વધારવામાં આવે અને દરેક પોલીસ સ્ટેશનમાં 'મહિલા હેલ્પ ડેસ્ક'ને વધુ સક્રિય અને જવાબદાર બનાવવામાં આવે.
- **આર્થિક સશક્તિકરણ:** બેરોજગાર શિક્ષિત મહિલાઓ અને સ્વસહાય જૂથો માટે વ્યાજમુક્ત લોન, કોન્ટ્રાક્ટ પદ્ધતિની નાબુદી અને કાયમી નોકરી, સીધી આર્થિક સહાયની યોજના તથા સત્વરે અમલમાં મૂકવામાં આવે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રસ સમિતિના મીડિયા કન્વીનર ડો. મનીષ દોશી, કો. કન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ સહિતના આગેવાનોએ એક સૂરમાં જણાવ્યું હતું કે મહિલાઓના હક, હિસ્સો, અધિકાર અને સન્માન માટે કોંગ્રેસનો સંઘર્ષ અવિરત ચાલુ રહેશે.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮